# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગ યોજાયો

---

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત **હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ** વિષય ઉપર **તા. ૧૧/૦૭/૨૦૨૪** ના રોજ અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ વર્ગ યોજાયો.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા કેન્દ્ર હસ્તક ચાલતી વિવિધ વિસ્તરણ અને સંશોધન પ્રવૃત્તિઓ તેમજ હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંતર્ગત રોગ-જીવાત નિયંત્રણ, **ડૉ. સી. જે. પટેલ** દ્વારા હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંતર્ગત ખાતર અને નીંદણ વ્યવસ્થાપન, **ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા હલકાં ધાન્ય પાકોની પોષણક્ષમ બનાવટો અને તેની દૈનિક જીવનમાં ઉપયોગીતા **અને ડૉ. એચ.એન.ચૌધરી** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાંની પદ્ધતિ અને તેનું હલકાં ધાન્ય પાકોની ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં **સ્ટ્રેન્થનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના** અંતર્ગત દાહોદ જિલ્લાના જુદા જુદા ગામનાં **૩૫** જેટલી ખેડૂત મહિલાઓને નાગલીની સુધારેલી જાતનું શુદ્ધ બિયારણ નિર્દશનના રૂપમાં આપવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.










TRIBAL RESEARCH CUM


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ